# ગંભીર બાબતો આવતી કાલે

## (એક જીવલેણ નિર્ણય)



ઘણાં વર્ષો ઉપર ગ્રીસ દેશમાં આર્કિયસ નામનો રાજા રાજ કરતો હતો. તે બહુ સ્વાર્થી હતો. તે મોજમઝામાં તેનું જીવન વિતાવતો હતો અને લોકોના હિત વિષે કશો વિચાર કરતો ન હતો. ઘણા તેને ધિક્કારતા હતા અને છેવટે કેટલાકે ભેગા મળીને તેને મારી નાખવાનું કાવતરૂં રચ્યું.

અલબત આર્કિયસને આ સંબંધી કશી ખબર ન હતી. પણ દૂર એથેન્સ શહેરમાં રહેતા તેના એક મિત્રને આ કાવતરાની ખબર પડી અને તેણે તેને તરત ચેતવવાનો પ્રયત્ન કર્યો. તેણે રાજા પર એક પત્ર લખ્યો અને તેની પર જે જોખમ તોળાઈ રહ્યું હતું તે સંબંધી તેને ચેતવણી આપી. તેમાંથી છુટવાનો ઉપાય પણ તેણે બતાવ્યો અને પછી તે પત્ર ખુબ ઉતાવળથી પહોંચાડવા સારૂ એક કાસદને મોકલ્યો.

પત્ર લઈને પેલો કાસદ રાજા પાસે આવી પહોંચ્યો ત્યારે તે એક મોટી મિજબાની ગોઠવવામાં પડયો હતો. પણ જ્યારે તેણે સાંભળ્યું, કે ઠેઠ એથેન્સથી અગત્યનો પત્ર લઇને તે આવ્યો હતો એટલે તરત તેને મળવા માટે બોલાવ્યો.

"મહારાજ, જેમણે આ પત્ર મોકલ્યો છે તેમણે આગ્રહથી આપને કહ્યું છે કે તેમાં ખુબ અગત્યની બાબત લખેલી છે એટલે પત્ર તરત જ વાંચશો" પેલા કાસદે કહ્યું. આર્કિયસ મદ્ય પીને મસ્ત હતો, તે મોજમઝા માણવામાં મશગુલ હતો. તે પત્ર વાંચવાનો તેનો ઈરાદો ન હતો. તેમાં કેવી વાત લખેલી હશે તેનો કશો પણ વિચાર કર્યા વિના હસતાં હસતાં પત્ર બાજુએ નાખી દીધો અને બોલ્યો કે "ગંભીર બાબતો આવતી કાલે!" પછી તે રંગરાગમાં પાછો પડી ગયો.

અરે, તે બિચારા માણસ માટે આવતી કાલ આવી જ નહિ. બીજી વિશેષ ચેતવણી તેને મળી નહિ. તે સાંજની મોજમઝાનો અંત એકાએક અને દુઃખદ રીતે આવ્યો. જ્યારે રાજા અમન-ચમનની ટોચ પર હતો, ત્યારે કાવતરાખોરો એકાએક તેની પર ધસી આવ્યા અને તેને ઠાર કર્યો.

હે વાચક, કદાચ તમારૂં તારણ ન થયું હોય, તો તમો જયારે આ લખાણ વાંચી રહયા છો ત્યારે તમે પણ સારી તંદુરસ્તી ભોગવી રહ્યા છો, અને આનંદ તથા દુન્યવી મોજમઝામાં સાંજ વિતાવવાનો નિર્ણય કરી લીધો હોય. તમારા આત્માના કલ્યાણ જેવી ગંભીર બાબતો તમે અત્યારે બાજુએ મુકી દીધી હોય, અને આર્કિયસની માફક તમે પણ એમ કહેતા હો કે, "ગંભીર બાબતો આવતી કાલે!" પણ થોભી જાઓ. આવતી કાલ કદાચ કદીપણ ન આવે. પૃથ્વી પરની કદાચ તમારી આ છેલ્લી રાત્રી હોય. ઘણાં વરસો પહેલાં પેલા ધનવાન ખેડુતને કહ્યું હતું તેમ પ્રભુ આજે તમને એમ કહેવાનો હોય કે, "ઓ મુર્ખ, આજ રાત્રે તારો જીવ તારી પાસેથી લઈ લેવામાં આવશે" તો શું?

તમને કદાચ આવી ગંભીર બાબત નહિ ગમે, અને વળી શક વગર, શેતાન જે તમારા આત્માનો દુશ્મન છે, તે આજ ક્ષણે તમને એમ પણ કહેતો હોય કે "આ ચોપાનિયું બાજુએ મુકી દે અને એમાંની ગંભીર બાબત ભુલી જા." પણ તેમાં ઈશ્વર આજે તમને પ્રેમનો સંદેશો આપે છે-તે સાથે તમારી પર ન્યાય ચુકાદાનો જે ભય તોળાઇ રહ્યો છે તેની ચેતવણી પણ તમને આપે છે, પણ તેની સાથે તે તમને છુટકારાનો અચુક માર્ગ પણ બતાવે છે.

ખ્રિસ્ત, જે વધસ્તંભે તમારે સારૂ મરણ પામ્યો તેની મારફતે તમને તે માર્ગ બતાવવામાં આવેલો છે. તેણે અંધકારના તે ત્રણ કલાકોમાં ઈશ્વરે પાપ વિરૂધ્ધનો જે ન્યાયચુકાદો આપ્યો હતો તે તેણે વેઠયો. તમે અને હું તે ન્યાયચુકાદાને લાયક હતા. તે મરણ પામ્યો. તે પાછો સજીવન થઈને ઊઠયો; તે અત્યારે સ્વર્ગમાં ઈશ્વરના જમણા હાથે બિરાજમાન છે તેની મારફતે ઇશ્વર અત્યારે એવી દરખાસ્ત કરે છે કે જેઓ તેની પર વિશ્વાસ કરશે તે સર્વને તે મુક્ત માફી આપે છે. માફીની આ જાહેરાતના શબ્દો આ પ્રમાણે છે.

"એ માટે તમને માલુમ થાય, કે આ માણસ દ્વારા પાપોની માફી તમને પ્રગટ કરવામાં આવે છે; અને હરેક વિશ્વાસ કરનાર તેના દ્વારા સર્વ બાબતો સંબંધી ન્યાયી ઠરે છે." પ્રેરિતોનાં કૃત્યો ૧૩ : ૩૮, ૩૯.

શું તમે આજે આ ચેતવણીનો સંદેશો સાંભળીને સહીસલામતી માટે ઇસુ ખ્રિસ્ત પાસે નહિ આવો? કે પછી આર્કિયસની માફક તેને ફેંકી દેશો અને કહેશો કે, "ગંભીર બાબતો આવતી કાલે"? મિત્ર, જયારે તમે તારનાર વિનાના, મિત્રવિહોણા, આશાહીન, ગુમાવી દીધેલાં અનંતજીવનના અંધકારમાં અનંત યાતના ભોગવતા હશો ત્યારે તમારી પાસે ગંભીર બાબતો વિષે વિચાર કરવાનો પુષ્કળ સમય હશે અને બીજા કશા માટે સમય નહિ હોય.

“એવા મહાન તારણ વિષે બેદરકાર રહીશું તો શી રીતે બચીશું?” હેબ્રી. ૨ : ૩.

**BIBLE TRUTH DEPOT**

P.O. Box 115, Bournemouth, BH9 3QF

*Serious Things Tomorrow Gujarathi.*